
Kids કોર્નર

Hello Kids,

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



સાહસિક સમીર અને સમુદ્રના મોજાં



દરિયાકિનારાના એક નાનકડા ગામમાં સમીર નામનો એક હિમતવાન છોકરો રહેતો હતો. સમીરને સમુદ્ર ખૂબ ગમતો. સવારના સૂર્યોદયથી લઈને સાંજના ઢળતા સૂરજ સુધી તે મોજાંઓને જોતો, તેમની ગર્જના સાંભળતો અને દરિયાની લહેરો સાથે વાતો કરતો. સમીરના ગામમાં એક મોટી સમસ્યા હતી. ગામની માછીમારોની હોડીઓ જે કિનારે બાંધવામાં આવતી હતી, ત્યાં ચોમાસા અને ભરતીના સમયે મોજાં એટલા જોરદાર આવતા કે હોડીઓ કિનારાના પથ્થરો સાથે અથડાઈને તૂટી જતી અથવા દરિયામાં તણાઈ જતી.

એક દિવસ સમીરે નક્કી કર્યું કે તે હોડીઓને સુરક્ષિત રાખવા માટે કિનારા પર એક મજબૂત પથ્થરનો બંધ બનાવશે, જે મોજાંનો પ્રથમ માર સહન કરી શકે અને પાછળનું પાણી શાંત રાખે. સમીરે જ્યારે ગામના વડીલોને પોતાનો વિચાર કહ્યો, ત્યારે ઘણા લોકો હસી પડ્યા અને બોલ્યા, "અરે સમીર, સમુદ્રના મોજાં સામે કોણ ટકી શકે?

ગામના લોકોએ ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ મોજાંની તાકાત સામે બધા હારી ગયા હતા.

એક દિવસ સમીરે નક્કી કર્યું કે તે હોડીઓને સુરક્ષિત રાખવા માટે કિનારા પર એક મજબૂત પથ્થરનો બંધ બનાવશે, જે મોજાંનો પ્રથમ માર સહન કરી શકે અને પાછળનું પાણી શાંત રાખે. સમીરે જ્યારે ગામના વડીલોને પોતાનો વિચાર કહ્યો, ત્યારે ઘણા લોકો હસી પડ્યા અને બોલ્યા, "અરે સમીર, સમુદ્રના મોજાં સામે કોણ ટકી શકે? આ તો કુદરતની તાકાત છે! ગઈ વખતે પણ આવું થયું હતું, બધું ધોવાઈ ગયું હતું." પણ સમીરના મનમાં નિશ્ચયબળ અડગ હતું. તેણે કહ્યું, "મોજાં ભલે શક્તિશાળી હોય, પણ જો આપણે ધીરજ અને સમજણથી કામ લઈએ, તો રસ્તો ચોક્કસ મળે."



બીજા જ દિવસથી સમીરે એકલા હાથે કામ શરૂ કર્યું. કિનારા પર પડેલા મોટા અને ભારે પથ્થરોને એકઠા કરવાનું કામ ખૂબ મુશ્કેલ હતું. સૂરજનો તડકો, પરસેવો અને થાક–બધું જ હતું, પણ સમીર રોજ સવારે પહોંચી જતો.

ધીમે-ધીમે ગામના બે-ચાર યુવાનો અને બાળકો પણ તેની સાથે જોડાયા અને તેઓએ મળીને એક નાની દીવાલ ઊભી કરી. પરંતુ એક સાંજે અચાનક વાતાવરણ બદલાયું. જોરદાર પવન ફૂંકાયો અને ઊંચાં-ઊંચાં મોજાં કિનારા તરફ ધસી આવ્યાં. મોજાંના પ્રથમ પ્રહારથી જ સમીરે બનાવેલી દીવાલનો એક ભાગ તૂટી ગયો. સમીર થોડીવાર માટે સ્તબ્ધ થઈ ગયો; તેની મહેનત પર પાણી ફરી વળ્યું હતું. ગામના કેટલાક લોકોએ ફરી કહ્યું, "જોયું ને? અમે કહ્યું હતું ને કે સમુદ્ર સામે ન જીતાય."

સમીર નિરાશ થયો, પણ હાર્યો નહીં. તેણે તૂટેલા પથ્થરોને ધ્યાનથી જોયા. તેને સમજાયું કે સીધી અને ઊભી દીવાલ મોજાંનો સીધો ધક્કો ઝીલી શકતી નથી, તેથી તે તૂટી જાય છે; જો પથ્થરોને ઢાળવાળી અને એકબીજા સાથે મજબૂત રીતે ગોઠવીને મૂકવામાં આવે, તો મોજાં તેની પર ચડીને પોતાની શક્તિ ગુમાવી દેશે. સમીરે નવી રીતે કામ શરૂ કર્યું: તેણે સૌથી ભારે અને પહોળા પથ્થરોને પાયામાં ગોઠવ્યા, પથ્થરો વચ્ચેની જગ્યામાં નાના પથ્થરો અને કાંકરા ભરીને મજબૂત પકડ બનાવી અને મોજાંનો માર સીધો ન પડે તે રીતે ઢાળ આપ્યો. આ જોઈને આખું ગામ સમીરની લગન જોઈને દંગ રહી ગયું.

ધીમે-ધીમે આખું ગામ તેની સાથે જોડાઈ ગયું અને મહિનાઓની મહેનત બાદ કિનારા પર એક મજબૂત ઢાળવાળો બંધ તૈયાર થયો.

થોડા મહિના પછી ફરી જોરદાર ભરતી આવી. મોજાં ઊછળીને બંધ સાથે અથડાયાં, ઢાળ પરથી સરક્યાં અને શાંત થઈ ગયાં. પાછળ બાંધેલી માછીમારોની હોડીઓ એકદમ સલામત રહી!

બોધ: મુશ્કેલીઓના મોજાં ગમે તેટલા ઊંચાં આવે, પણ જો મનમાં નિશ્ચયબળ અને શીખવાની વૃત્તિ હોય, તો કોઈ પણ તોફાન સામે ટકી શકાય છે.



ભારતના આ મંદિરો, જ્યારે પણ મોકો મળે એકવાર જઈ આવજો



આંધ્ર પ્રદેશના લેપાક્ષીમાં આવેલા વીરભદ્ર મંદિર પોતાની અનોખી બનાવટ માટે ઓળખાય છે. વિજયનગર કાળમાં બનેલા આ મંદિરમાં લગભગ 70 થાંભલા છે. તેમાંથી એક થાંભલો એવો છે, જે હવામાં લટકી રહ્યો છે. તેને હેંગિંગ પિલર કહેવાય છે. મંદિરની છત પર બનેલા રંગીન ચિત્ર અને દીવાલો પર કરવામાં આવેલા નકશીકામ પણ તેની સુંદરતા વધારે છે.

મહારાષ્ટ્રની ઈલોરા ગુફાઓમાં આવેલા કૈલાશ મંદિર ભારતીય શિલ્પકલાનું અદ્ભુત ઉદાહરણ છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને અલગ અલગ પથ્થરોને જોડીને નથી બનાવ્યું, પણ એક વિશાળ પહાડને કાપીને મંદિરનો આકાર આપવામાં આવ્યો છે. ઉપરથી નીચે સુધી એક જ પથ્થરમાંથી તૈયાર કરેલા સ્ટ્રક્ચરમાં વિશાળ પ્રવેશ દ્વાર, સ્તંભ, મંડપ અને મૂર્તિઓ છે. તેની ભવ્યતા જોઈ બાંધકામની ટેકનિક પર નવાઈ પામવું સ્વાભાવિક છે.

ઓડિશાના કોણાર્કમાં આવેલું સૂર્ય મંદિરને ભગવાન સૂર્યના વિશાળ રથના રૂપમાં બનાવવામાં આવ્યું છે. 13મી સદીની આ રચનામાં 24 પૈડા અને સાત ઘોડાની આકૃતિ બનાવેલી છે. મંદિરના પથ્થર પર દેવી-દેવતાઓ, નર્તકો, સંગીતકારો અને તે સમયના સામાજિક જીવન સાથે જોડાયેલા દ્રશ્યને કંડારવામાં આવ્યા છે. તેની બનાવટ અને કલાત્મક કામ તેને ભારતના સૌથી ચર્ચિત ઐતિહાસિક મંદિરોમાં સામેલ કરે છે.



કર્ણાટકના હમ્પીમાં આવેલા વિઠ્ઠલ મંદિર વિજયનગર સામ્રાજ્યની સ્થાપત્ય કલાની ઓળખ છે. મંદિર પરિસરમાં બનેલા પથ્થરના રથ અહીંનું મુખ્ય આકર્ષણ છે. તેને જોઈને લાગે કે જાણે કોઈ વિશાળ રથને પથ્થરમાં બદલી દેવામાં આવ્યો છે. મંદિરના મહામંડપમાં બનેલા કોતરણીવાળા સ્તંભ પણ ખૂબ જ ફેમસ છે. તેની બનાવટમાં શિલ્પકારોનું ઝીણવટભર્યું કામ દેખાઈ રહ્યું છે.

તમિલનાડુના દારાસુરમમાં આવેલા એરાવતેશ્વર મંદિર ચોલ કાળની સ્થાપત્ય પરંપરાને દર્શાવે છે. તેનું નિર્માણ 12મી સદીમાં રાજા રાજરાજા દ્વિતિયના શાસનકાળમાં થયું હતું. મંદિરના મંડપ, સ્તંભો અને દીવાલો પર કરવામાં આવેલી સુંદર કોતરણી તેને અત્યંત ખાસ બનાવે છે. આ મંદિર યૂનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ ગ્રેટ લિવિંગ ચોલા ટેમ્પલ્સનો ભાગ છે.

મધ્ય પ્રદેશના ખજુરાહોમાં બનેલા મંદિર પોતાની અનોખી મૂર્તિકલા માટે દુનિયાભરમાં વખણાય છે. અહીંની દીવાલો પર દેવી-દેવતાઓ, નૃત્ય, સંગીત, રોજિંદા જીવન અને પ્રેમ સાથે જોડાયેલા પ્રસંગોને પથ્થર પર કંડારવામાં આવ્યા છે. આ મૂર્તિઓમાં એટલી ઝીણવટ છે કે દરેક આકૃતિમાં એક અલગ કહાની દેખાય છે. ખજુરાહોના મંદિર ભારતીય કલા અને વાસ્તુકલાની સમૃદ્ધ પરંપરાને નજીકથી સમજવાનો મોકો આપે છે.




બર્થ ડે

નામ : મહેર કુમારી ચૌધરી
માતા : હેમુ ચૌધરી



નામ : આરાધ્યા વરુડે
માતા : માધુરી વરુડે


રસ્તો શોધો



તફાવત શોધો



ટપકાં જોડો



શબ્દો શોધો

WORD PUZZLE GAME

S	I	V	I	O	L	I	V	M	A	R
A	P	N	I	L	U	X	E	K	R	A
X	O	P	H	O	N	E	R	A	A	C
D	O	A	E	O	A	N	M	P	I	A
R	A	R	Y	B	K	A	S	U	E	S
U	M	A	T	A	I	N	T	R	U	O
R	T	O	E	L	A	R	S	P	M	I
T	P	H	A	A	L	A	O	M	P	C
I	I	P	R	H	B	T	L	G	E	H
U	A	H	R	E	T	I	E	U	T	N
G	N	O	L	A	G	U	O	S	E	U

PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

SIGN GAME

Q1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

1)	3		4		5		6		12
2)	4		5		6		7		02
3)	5		6		7		8		12

CHANGE THE WORD

Q2


આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

O	U	R
P	E	T

CHHOTA SUDOKU

Q3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.



BROKEN WORDS

Q4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને જેનો પહેલો અક્ષર 'M' અને છેલ્લો અક્ષર 'L' હોય તેવા 7 જુદા જુદા શબ્દો બનાવો

MA	RG	GI	MA	AL
CAL	RI	LL	NU	MA
MA	AL	MA	TAL	MA
AL	MA	IN	MM	IL

ચાવી	શબ્દો
4 અક્ષર	2
6 અક્ષર	2
7 અક્ષર	2
8 અક્ષર	1

MAIL
MALL
MAMMAL
MANUAL
MAGICAL
MARITAL
MARGINAL

જવાબો

1)	3	+	4	-	5	×	6	=	12
2)	4	×	5	-	6	÷	7	=	02
3)	5	+	6	+	7	-	8	=	10

O	U	R
O	U	T
P	U	T
P	E	T

3	6	2
8	5	9
1	7	4

(22, 22, 21, 25)